



## ઉત્તર ભારતની અસર ઉત્તર ગુજરાતમાં

વેસ્ટર્ન ડિસ્ટબર્ન્સના કારણે ગુરુવારે સાંજના સુમારે ઉત્તર ભારતમાં ત્રાટકેલા ધૂળની ડમરીઓ સાથેના વાવાઝોડાએ હાહાકાર મચાવ્યો હતો. જેની અસર શુક્રવારે ઉત્તર ગુજરાત સહીત અરવલ્લી જીલ્લાના વાતાવરણમાં એકાએક પલટો આવતા આભે વાદળો ઘેરાયા હતા અને માવઠાની દહેશત પેદા થતા ખેડૂતો ચિંતિત બન્યા છે.

# અરવલ્લીમાં ખેડૂત વિરોધી ગોરખધંધા ચલાવી નહી લેવાય

મોડાસા માર્કેટયાર્ડમાં જે પ્રકારે પોતાનો માલ વેચાણ માટે આવતા ખેડૂતો પાસેથી કેટલાક લેભાગુ વ્યાપારીઓ અને કર્મચારીઓ હપ્તા સ્વરૂપે રૂપિયા પડાવતા હતા. ત્યારે એક જાગૃત ખેડૂતે લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો નો સંપર્ક કરીને એસીબીના હાથે રૂપિયા ૧૫૦૦ લેતા રંગે હાથ ઝડપાવી દીધા છે. જે ખૂબ જ ગંભીર બાબત છે. ત્યારે ખેડૂત સમાજ અરવલ્લી જિલ્લા પ્રમુખ વતી નિકુંલ પટેલ હું એવી માંગ કરું છું કે આવા તત્વોથી ખેડૂત માટેની સંસ્થા બદનામ થઈ છે, ત્યારે એવી સજા થાય કે ભવિષ્યમાં કોઈ પણ વ્યાપારી કે કર્મચારીઓ આ પ્રકારની હરકત કરીને ભોળા ખેડૂતોને લૂંટવાનો પ્રયાસ કરવાનું વિચારી પણ ન શકે.

ત્યારે જે ખેડૂત મિત્રએ આ પ્રકારે ભ્રષ્ટાચારી તત્વોને ખુલ્લા પાડવાની હિંમત કરી છે. તે પણ ધન્યવાદને પાત્ર છે અને તેથી અરવલ્લી ખેડૂત સમાજ આ ખેડૂતની હિમ્મતને બિરદાવે છે અને ગમે તેવા સંજોગોમાં અમે તેમની સાથે છીએ તેવી ખાતરી પણ આપીએ છીએ. સાથે જ અન્ય ખેડૂતો પણ આવા લોકો સામે પગલાં લઈને ખુલ્લા પાડે અને પોતાની ખુમારી બતાવે તેવી અપીલ પણ અરવલ્લી ખેડૂત સમાજ કરે છે.



સાથે જ આવા લેભાગુ તત્વોને તેમજ માર્કેટના વહીવટકર્તાઓને પણ અરવલ્લી ખેડૂત સમાજ ચેતવણી આપે છે કે હવે પછી મોડાસા માર્કેટયાર્ડમાં આવા ગોરખધંધા ચલાવી લેવામાં આવશે નહીં. અને જો આવી બાબત ધ્યાને આવશે તો જે તે વ્યાપારી તેમજ સમગ્ર સત્તાધીશો સામે ઉગ્ર આંદોલન થશે અને તેમાં જે કાંઈ પણ નુકશાન થશે તેની જવાવદારી માર્કેટ તંત્રની રહેશે જેની નોંધ લેવા અરવલ્લી ખેડૂત સમાજ વિનંતી કરે છે.

# હિંમતનગરથી ઈડર-ખેડબ્રહ્મા જતા વાહનો માટે મહેતાપુરા બ્રિજ શરૂ થવાના એંધાણ

હિંમતનગર, તા. ૪

હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા જોડતા હિંમતનગરના મહેતાપુરા વિસ્તારમાંથી પસાર થતી હાથમતી નદી પર વર્ષો અગાઉ બનાવાયેલો બ્રિજ ટ્રાફીકના વધુ પડતા ભારણને કારણે ખુબજ સાંકડો પડતો હતો. જેથી તેનુ વિસ્તૃતીકરણ કરવા માટે એકાદ વર્ષ અગાઉ માર્ગ અને મકાન વિભાગ દ્વારા રૂ. ૧૨ કરોડના ખર્ચે નવો બ્રિજ બનાવવાનું નક્કી કરાયું હતું. અને આ બ્રિજ પરનો ટ્રાફીક બંધ કરાયા બાદ કામ શરૂ કરાયું હતું. જેના ભાગરૂપે મે-૨૦૧૮માં બ્રિજનું મોટાભાગનું કામ પૂર્ણ થઈ ચુક્યુ છે ત્યારે ખુબજ ટૂંક સમયમાં આ બ્રિજનું લોકાર્પણ થઈ જશે.

આ અંગેની વિગત એવી છે કે હિંમતનગર-ખેડબ્રહ્મા થઈ અંબાજી જતા માર્ગને ફોરલેન બનાવવાના નિર્ણયના ભાગરૂપે હિંમતનગરના મહેતાપુરા વિસ્તારમાં આવેલ અને હાથમતી નદી પર વર્ષો અગાઉ બનાવાયેલ પુલની આયુષ્ય મર્યાદા પૂર્ણ થઈ જવા આવી હોવાને કારણે તથા દિન પ્રતિદિન આ પુલ પર થઈ પસાર થતા વાહનોની સંખ્યામાં થયેલા વધારાને કારણે બ્રિજ નવો બનાવવાની આવશ્યકતા ઉભી થઈ હતી. જે અંગે માર્ગ અને મકાન વિભાગે નવા પુલની ડીઝાઈન તથા અંદાજીત ખર્ચ આકારીને તે રાજ્ય સરકારમાં મોકલી આપ્યુ હતુ. જેના ભાગરૂપે નવો પુલ બનાવવા માટે રૂ. ૧૨ કરોડ મંજુર થયા હતા અને નવા બ્રિજની કામગીરી શરૂ થઈ હતી.

દરમ્યાન હિંમતનગરથી ઈડર, ખેડબ્રહ્મા અને વિજાપુર તરફ જતા મોટા વાહનો માટે ડાયવર્ઝન આપી આ મોટા વાહનો માટે બાયપાસ થઈ આરટીઓ સર્કલ થઈ જવાતા હતા. પરંતુ હવે જયારે મહેતાપુરા બ્રિજનું મોટાભાગનું કામ પૂર્ણ થઈ ચુક્યુ છે ત્યારે આગામી થોડા દિવસોમાં આ નવા પુલનું શક્યતઃ તારીખ ૧લી જૂન-૨૦૧૮ સુધીમાં લોકાર્પણ થઈ જશે. એમ માર્ગ અને મકાન વિભાગના સૂત્રોમાંથી જણાવાયું છે. અત્યારે ફક્ત નાના વાનો મહેતાપુરા બેઠા પુલ પરથી સતત પસાર થતા હોવાને કારણે રોડની બંને તરફ આવેલા રહેણાંક વિસ્તારોમાં અવાજનું પ્રદૂષણ ખુબજ વધુ હોવાને કારણે સત્વરે પુલનો એક તરફનો રસ્તો શરૂ કરી દેવો જોઈએ.

# પ્રાંતિજ ખાતે ભાગ બાબતે જાનથી મારી નાખવાની ધમકી

પ્રાંતિજ, તા. ૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે સીગોડાનું વાવેતરમાં ભાગને લઈને તલવાર લઈને ફરીયાદીના ઘરે દોડી આવી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી અપાતાં ફરીયાદી દ્વારા આરોપી વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરીયાદ કરી.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન પરથી મળતી માહિતી મુજબ ફરીયાદી ભાવનાબેન મહેશભાઈ દેવેન્દ્રભાઈ કે જેવો પોતાના ઘરે હતાં તે આરોપી કમલેશભાઈ કનુભાઈ ભોઈ રહે. ભોઈવાસ આવીને કહેલ કે તારા સસરાએ તથા મારા પિતાએ જે તળાવમાં સીંગોડાનું વાવેતર કરેલ છે તેનો ભાગ અમારાથી કેમ કાઢી નાખેલ છે તે તળાવમાં મારે ફરીથી સીંગોડાનુ વાવેતર કરવાનું છે તેમ કહી તલવાર લઈને દોડી આવી બિભત્સ ગાળો બોલી ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપતાં ફરીયાદી ભાવનાબેન દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરાતાં પોલીસે આરોપી કમલેશભાઈ કનુભાઈ ભોઈ વિરૂધ્ધ ઈ.પી.કો. કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬ (૨) તથા જીપીએ-૧૫૩ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી.

# પ્રાંતિજના મોયદ પાસે અજાણ્યા વાહનની ટક્કરથી સતલાસણાના બાઈકચાલકનું મોત

પ્રાંતિજ, તા. ૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના સલાલથી મોયદ જતા વળાંકવાળા રોડ ઉપર વહેલી સવારે કોઈ અજાણ્યા વાહનચાલકે બાઈકસવારને ટક્કર મારતા બાઈક સવારનુ ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજના મોયદ પાસે વળાંકવાળા રોડની બાજુમાં વહેલી સવારે અજાણ્યા વાહનની ટકકરથી બાઈક ઉપર જઈ રહેલ વિક્રમસિંહ કનુસિંહ ચૌહાણ ઉ.વર્ષ આ-૨૦ રહે ટીંબા તા. સતલાસણા, જી. મહેસાણાને માથાના ભાગે તથા શરીરે જીવલેણ ગંભીર ઈજાઓ પહોચતા તેવોનુ ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. મોયદના નટવરસિંહ જેહુસિંહ રાઠોડ દ્વારા પ્રાંતિજ પોલીસને જાણ કરતાં પ્રાંતિજ પોલીસ ઘટનાસ્થળે જઈ



અકસ્માતનો ગુનો નોંધી અજાણ્યા વાહન તથા ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# રાજ્ય સરકાર કિસાન કલ્યાણ મહોત્સવ જેવા તાયફા બંધ કરી કિસાનોને પોષણક્ષમ ભાવો આપે : રાજેન્દ્ર પારઘી

અરવલ્લી, તા. ૪

રાજ્ય સરકાર દર વર્ષે કિસાન કલ્યાણ મહોત્સવની ઉજવણી કરી સસ્તી લોકપ્રિયતા પ્રાપ્ત કરવાના પ્રયત્ન કરે છે. મહોત્સવની ઉજવણીની સાથે જેમના માટે આ મહોત્સવ ઉજવવામાં આવે છે તે કિસાનો માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ નક્કર પગલાં લેવામાં આવતાં નથી. કિસાનોને પોષણક્ષમ ભાવો મળતા નથી, ખાતર-બિયારણો માટે લાઈનોમાં ઉભા રહેવુ પડે છે તેમ છતાં પુરતા પ્રમાણમાં ખાતર કે બિયારણ મળતુ નથી. રાજ્ય સરકાર કિસાનો માટે નવી નવી યોજનાઓની પ્રસિદ્ધિ કરે છે પરંતુ તેના લાભો કિસાનોને પ્રાપ્ત થતાં નથી. પરિણામે કિસાનોની સ્થિતિ દિન-પ્રતિદિન પરિસ્થિતિ કથડતી જાય છે. રાજ્ય સરકાર કિસાનોની આવક ૨૦૨૨ સુધીમાં ડબલ કરવાની વાત કરે છે. જયારે કિસાનોનું દેવુ સંપૂર્ણપણે માફ કરવામાં આવતુ નથી પરિણામે ખેડૂતો આત્મા હત્યા કરવા પ્રેરાયા છે.

અરવલ્લી જિલ્લાના મોટાભાગના કિસાનો નાના ખાતેદાર છે તેઓનો મુખ્ય આધાર ખેતી ઉપર હોવાથી તેઓને સિંચાઈની પુરતી સુવિધા પ્રાપ્ત થાય તેમજ પાકવીમાની રકમ નિયમિત મળે તે જરૂરી છે. સાથે સાથે રાજ્ય સરકાર કિસાનોની આવક ડબલ કરવાની જે વાત કરે છે તે દિશામાં રાજ્ય સરકાર શું કરવા માંગે છે તેનો કોઈ ઉલ્લેખ કરવામાં આવતો નથી. ફક્ત લોભામણી જાહેરાતો કરી કિસાનોનો પ્રેમ સંપાદન કરવાના નિરર્થક પ્રયત્ન કરી રહી છે. સરકાર જુદા જુદા મહોત્સવો ઉજવાને બદલે કિસાનોની સ્થિતિ સુધારવાની દિશામાં નક્કર પગલાં લે તેવું કિસાનો ઈચ્છી રહ્યા છે. રાજ્યના વિકાસમાં કિસાનોનો ફાળો મહત્વનો હોઈ તેમના પ્રશ્નો અંગે ત્વરીત પગલાં લેવા જોઈએ અને કિસાનોની આર્થિક સ્થિતિ સુધરે તે દિશામાં પગલાં લેવા વિચારણા કરવી જોઈએ તેવુ અરવલ્લી જિલ્લા પંચાયતના પ્રમુખ રાજેન્દ્ર પારઘીએ એક અખબારી યાદીમાં જણાવ્યુ હતુ.



## મોડાસાની ફૈઝાને મરિના મસ્જિદમાં શોર્ટશર્કિટથી આગ ભભૂકી ઉઠી

મોડાસા શહેરમાં દાવતે ઈસ્લામીની ફૈઝાને મરિના મસ્જિદમાં ગુરુવારે રાત્રીના ૧૦ વાગ્યાના સુમારે રાત્રીના સુમારે શોર્ટશર્કિટથી અચાનક આગ ભભૂકી ઉઠતા અને જોતજોતામાં આગે રોદ્ર સ્વરૂપ ધારણ કરતા મસ્જિદમાં નમાજ પઢતા નમાજીઓમાં ભયનો માહોલ ફેલાયો હતો. આગ લાગવાની ઘટનાની જાણ ફાયર બ્રિગેડને થતા તાબડતોડ ઘટનાસ્થળે ધસી જઈ નમાજી લોકો અને ફાયરબ્રિગેડની ટીમે પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવવામાં સફળતા મળી હતી.

# પાલનપુરમાં ગઠિયાએ રૂમાલ સુંઘાડતા મહિલાએ સોનાના દાગીના આપી દીધા

પાલનપુરના સિમલાગેટ વિસ્તાર માં ગત બપોરે કોઈ ગઠીયાએ મહિલાને રૂમાલ સુંઘાડતા તેણી સુધબુધ ગુમાવી દીધી હતી. અને પોતાની જાતે જ સોનાના દાગીના કાઢી ગઠિયાને આપી દીધા હતા. ભાનમાં આવેલી મહિલાએ બુમાબુમ કરી હતી. જોકે, ત્યાં સુધીમાં ગઠિયો છુમંતર થઈ ગયો હતો.

પાલનપુરમાં અજાણ્યા શખ્સો દ્વારા છેતરપીંડીના કિસ્સા બની રહ્યા છે. જ્યાં બુધવારે ધોળા દિવસે એક મહિલા પાસેથી ગઠિયો સોનાના દાગીના લઈ નાસી ગયો હતો.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો મુજબ પાલનપુર તાલુકાના ભાગળ (પીં) ગામના એક બહેન ખરીદી કરવા માટે પાલનપુર આવ્યા હતા. જેઓ સિમલાગેટથી દિલ્હીગેટ માર્ગ ઉપર પસાર થઈ રહ્યા હતા. ત્યારે રસ્તા વચ્ચે કોઈ ગઠીયાએ મહિલાને રૂમાલ સુંઘાડતા તેણી સુધબુધ ગુમાવી દીધી હતી. અને પોતાની જાતે જ સોનાના દાગીના કાઢી ગઠિયાને આપી દીધા હતા. ભાનમાં આવેલી મહિલાએ બુમાબુમ કરી હતી. જોકે, ત્યાં સુધીમાં ગઠિયો છુમંતર થઈ ગયો હતો. આ અંગે મહિલાએ પરિવારજનોને વાત કરતાં પરિવારજનોએ પોલીસ મથકે ફરીયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરી છે.

# બનાસ મેડિકલ કોલેજને મંજૂરી મળી ન હોવાનો દાવો

### એમ.સી.આઈ.એ કોઈ મંજૂરી ન આપી હોવાનું બહાર આવ્યું

પાલનપુર ખાતે બનાસ મેડિકલ કોલેજને મંજૂરી મળી હોવાનો અહેવાલ ખુદ નાયબ મુખ્યમંત્રીના નામે વહેતો થયો હતો. ત્યારે એમ.સી.આઈ.એ આવી કોઈ મંજૂરી આપી ન હોવાનું સિવિલ બચાવો સમિતિએ જણાવ્યું હતું.

બનાસકાંઠામાં પાલનપુર ખાતે બનાસ મેડિકલ કોલેજ મંજુર થઈ હોવાના અહેવાલ વહેતા થયા હતા. ત્યારે પાલનપુર સિવિલના ખાનગીકારણનો વિરોધ કરી રહેલા સિવિલ બચાવો સમિતિના સભ્યો ભેમાભાઈ ચૌધરી અને રમેશભાઈ નાભાણીએ દિલ્હી ખાતે એમ.સી.આઈ.ની સત્તાવાર મુલાકાત લીધી હતી. જે મુલાકાત દરમિયાન, એમ.સી.આઈ.દ્વારા બનાસ મેડિકલ કોલેજને કોઈ મંજૂરી આપવામાં આવી ન હોવાનો દાવો રમેશભાઈ નાભાની અને ભેમજીભાઈ ચૌધરીએ કર્યો હતો.

ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલએ રાજકીય જશ ખાટવા ખોટી જાહેરાત કરી હોવાનો દાવો પણ સિવિલ બચાવો સમિતિએ કર્યો હતો. આમ, બનાસ મેડિકલ કોલેજની મંજૂરીનો વિવાદ વકર્યો છે.

# પાલનપુરમાં વૃધ્ધાની હત્યામાં પરિવારના સભ્યની સંડોવણી હોવાની આશંકા

### પોલીસ સત્યની સમીપ પહોચી હોવાના અહેવાલ

પાલનપુરના અમદાવાદ હાઈવે પર આવેલી કૃષ્ણનગર સોસાયટીમાં વૃદ્ધાની તાજેતરમાં ધોળા દિવસે અજાણ્યા શખ્સોએ નિર્મમ હત્યા કરી સોનાના દાગીનાની લૂંટ ચલાવતા ચકચાર મચી જવા પામી હતી. આ ગૂનાનો ભેદ ઉકેલવા માટે જિલ્લા પોલીસવડાના સીધા માર્ગદર્શન હેઠળ પોલીસની જુદીજુદી ટીમો દ્વારા તપાસ ચાલી રહી છે. જેમાં વૃધ્ધાની હત્યામાં તેમના પરિવાર ના જ કોઈ સભ્યની સંડોવણી હોવાની આશંકાઓ જોવામાં આવી રહી છે. અને પોલીસ આ ગૂનાનો ભેદ ટુંક સમયમાં જ ઉકેલે તેવા સુમાહિતગાર સુત્રો દ્વારા અહેવાલો સાંપડી રહ્યા છે.

પાલનપુરના અમદાવાદ હાઈવે પર રેલવે ઓવરબ્રિજ પાસે આવેલી કૃષ્ણનગર સોસાયટીમાં નિવૃત બેંક કર્મચારી લક્ષ્મીચંદભાઈ પટેલ તેમની ૬૭ વર્ષીય પત્ની રમાબેન સાથે રહે છે. પંદર દિવસ અગાઉ રમાબેન ઘરે એકલા હતા. ત્યારે કોઈ અજાણ્યા શખ્સોએ બંગલાના ઉપરના માળે આવેલા રસોડામાં રમાબહેનનું મોઢું દબાવી હત્યા કરી હતી. અને તેમના હાથમાં પહેરેલી સોનાની ચાર બંગડીઓ તેમજ એક કાનની સોનાની બુટ્ટીની લૂંટ કરી બાજુના રૂમમાં પડેલી તિજોરીમાંથી સામાન અસ્તવ્યસ્ત કરી નાસી ગયા હતા.

આ હત્યાનો ભેદ ઉકેલવા માટે જિલ્લા પોલીસવડા નિરજ બડગુજરના સીધા માર્ગદર્શન હેઠળ એલસીબી પીઆઈ જે. એચ. સિંઘવ, એસઓજી પીઆઈ એસ. એ. ડાભી, પશ્ચિમ પોલીસ મથકના પીઆઈ આર. કે. ચૌહાણ દ્વારા ઝીણવટભરી તપાસ હાથ ધરવામાં આવી છે. જેમાં સુમાહિતગાર સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ વૃધ્ધાની હત્યામાં તેમના પરિવારનો જ કોઈ સભ્ય સંડોવાયેલો હોવાની આશંકાઓ સેવાઈ રહી છે. પોલીસે આ દિશામાં તપાસ હાથ ધરી છે. અને ટુંક સમયમાં વૃધ્ધાની હત્યાના રહસ્ય ઉપરથી પડદો ઉંચકાય તેવી શકયતાઓ વર્તાઈ રહી છે.

# વિજયનગરમાં મહિલાના ગળામાંથી સોનાની ચેઈનની લૂંટ

હિંમતનગર, તા. ૪

વિજયનગરના વાઘડીયા વડલા વિસ્તારમાંથી પસાર થતી એક મહિલાના ગળામાંથી બુધવારે બે અજાણ્યા શખ્સો અંદાજે રૂ. ૫૦ હજારની કિંમતના સોનાના દોરાની લૂંટ કરીને ભાગી ગયા હતા. જે અંગેની ફરીયાદ વિજયનગર પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે વિજયનગરના વાઘડીયા વડલા વિસ્તારમાં રહેતા તુષાર રમેશભાઈ શાહે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ બુધવારે રજનિકાબેન રમેશભાઈ શાહ પસાર થતા હતા ત્યારે બે અજાણ્યા શખ્સોએ આવી તેણીના ગળામાંથી રૂ. ૫૦ હજારની કિંમતના બે તોલા સોનાના દોરાની લૂંટ કરી ભાગી ગયા હતા. ત્યારબાદ રજનિકાબેને બુમાબુમ કરવા છતાં બંને અજાણ્યા શખ્સો ભાગવામાં સફળ રહ્યા હતા. ત્યારબાદ તુષારભાઈ શાહે તરત જ બંને અજાણ્યા શખ્સો વિરૂદ્ધ વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

# પાલનપુરમાં ડમ્પીંગ સાઈટનો કચરો સળગાવતાં રહિશો પરેશાન

પાલનપુર માલણ દરવાજા વિસ્તારમાં નગરપાલિકા દ્વારા ડમ્પીંગ સાઈટ બનાવવામાં આવી છે. જ્યાં એકત્ર કરાયેલો કચરો રાત્રિ દરમિયાન સળગાવવામાં આવતો હોવાથી તેના ધૂમાડાથી આજુબાજુની સોસાયટીના રહીશો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ધૂમાડો એટલો બધો પ્રસરે છે કે, રાત્રિ દરમિયાન શ્વાસ લેવામાં પણ મુશકેલી પડી રહી છે.

પાલનપુર નગરપાલિકા દ્વારા શહેરભરનો કચરો એકત્ર કરી માલણ દરવાજા રહેણાંક સોસાયટીઓના વિસ્તારમાં એકત્ર કરવામાં આવી રહ્યો છે. વર્ષો જુની આ ડમ્પીંગ સાઈટ વર્તમાન સમયે નાના પહાડ જેવી બની જવા પામી છે. જ્યાં માંસ વેચતા વેપારીઓ મરેલા પશુઓના અવશેષો પણ નાંખતા હોવાથી ભારે બદબુ ફેલાતી હોય છે. દરમિયાન વર્તમાન સમયે રાત્રિ વખતે ડમ્પીંગ સાઈટ ઉપર કચરો સળગાવવામાં આવી રહ્યો છે. જેના કારણે ધુમાડાનું પ્રદુષણ ફેલાઈ રહ્યું છે. ધુમાડો એટલો બધો પ્રસરી જાય છે કે, રહીશોને શ્વાસ લેવામાં પણ તકલીફ પડી રહી છે. વૃધ્ધજનો ગુંગળામણ અનુભવતા હોવાથી જીવનું જોખમ ઉભુ થવા પામ્યું છે.